ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૬ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૨૩ ટકા

# ઘ-૩ સર્કલ પાસેથી રૂ.૫૦૦ની નકલી નોટો સાથે બે ઝડપાયા

**નાઈટ પેટ્રોલિંગમાં નીકળેલી એલસીબીની ટીમે સર્કલ પાસે ઉભેલી કારના નંબર પર શંકા જતા ચેકિંગ કર્યુંને અંદરથી નકલી નોટો મળી : કલર પ્રિન્ટર, સ્કેનર અને લેપટોપ સહિત ર.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર એલસીબીની ટીમ ગઈકાલે રાત્રે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ઘ-૩ સર્કલ પાસે સેક્ટર-૬ના કોર્નર પર આવેલા પેટ્રોલ પંપ પાસે ઊભેલી એક કારના નંબર ઉપર શંકા જતા એલસીબીની ટીમે તેમાં ચેકિંગ હાથ ધર્યું હતું. અંદરથી રૂ.૫૦૦ના દરની નકલી નોટો સાથે ગાંધીનગર શહેરના જ બે યુવાનો પકડાઈ ગયા હતા. નકલી નોટો જ્યાંથી છાપી હતી તે તમામ મશીનરી પણ તે જ કારમાં પડી હતી. એલસીબીની ટીમે ત્રણ નકલી નોટો સહિત આ તમામ મુદ્દામાલ જપ્ત કરી બંને યુવાનોની ધરપકડ કરી રહ્યું છે. એલસીબીની ટીમે રૂ ૨.૨૬ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને સેકટર-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી અને કાર્યવાહી હાથ ધરીને બંનેની સઘન પૂછતાછ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલની ટીમ ગઈ કાલે રાત્રે પેટ્રોલિંગમાં હતી ત્યારે રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં ઘ-૩ સર્કલ નજીક સે-૬ નાં કોર્નર પાસે આવેલા પેટ્રોલપંપ સામે ઉભેલી જીજે ૧૮ કે.ઈ ૩૩૭૭ નંબરની મારૂતી રીટ્સ કાર પર આ ટીમને શંકા ગઈ હતી. કારનો નંબર શંકાસ્પદ લાગતા ટીમે ચેકિંગ હાથ ધર્યુ હતુ અને કારમાં બેઠેલા બે શખ્સોને નંબર અંગે પુછતા ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા. કારની તપાસ કરતાં એલસીબીને રૂ.૫૦૦ના દરની ત્રણ નકલી ચલણી નોટો મળી આવી હતી. તે ઉપરાંત કારમાંથી એક લેપટોપ, પ્રિન્ટર અને સ્કેનર પણ મળી આવ્યું હતું જેની મદદથી તેમણે નકલી નોટોની પ્રિન્ટ કરી હતી. એલસીબીની ટીમે સે-૨૭ ગાયત્રી સોસાયટીમાં બ્લોક નં.૪૬૩ ખાતે રહેતા વિરલ બાબુભાઈ રાંદરીયા અને સે-૨ સી પ્લોટ નં.૮૭૫/૧ ખાતે રહેતા રણજીત મુળરાજસિંહ ચૌહાણ નામનાં બંને શખ્સોને દબોચી લીધા છે. બનાવટી નંબર પ્લેટ વાળી કારનો સાચો નંબર જીજે ૦૧ કે.ઈ ૩૭૭૩ હોવાનું અને તેનો માલિક વિરલ રાંદરીયા હોવાનુ બહાર આવ્યું છે. તેની પાસેથી આર એન્ડ બી ડિપાર્ટમેન્ટનું સિવિલ એન્જિનિયર તરીકેનું ખોટું આઈકાર્ડ પણ મળી આવ્યું છે. તેને અવાર-નવાર સુરત જવાનું થતું હોવાથી ટોલટેકસના પૈસા બચાવવા આ બનાવટી આઈ કાર્ડ બનાવ્યુ હોવાની કેફિયત તે આપી રહ્યો છે. જોકે ખોટા આઈકાર્ડ નીચે ઓથોરાઈટ સિગ્નેચર ચીફ એન્જિનિયરની સહી છે તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. એટલું જ નહીં આ બંને શખ્સો કેટલા સમયથી નકલી નોટો છાપી રહ્યા છે અને ક્યાં ક્યાં તેનો ઉપયોગ કરી રહ્યા હતા સહિતની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.



# સાઈ ખાતે કબડ્ડી અને હેન્ડબૉલની રમતના સિલેક્શન ટ્રાયલ્સ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સેક્ટર-૧૫ સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સાઈ ટ્રેનિંગ સેન્ટર ખાતે બે રમતો કબડ્ડી અને હેન્ડબૉલ માટે તા. ૬ઠ્ઠી માર્ચથી તા. ૮મી માર્ચ દરમ્યાન પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી પ્રક્રિયામાં કબડ્ડીની રમતમાં બૉયઝ અને ગર્લ્સ બંને કેટેગરી ઉપરાંત સીઓઈ બોયઝ કેટેગરી માટે યોજાશે જ્યારે બેન્ડબૉલની રમતમાં બૉયઝ અને ગર્લ્સ બંને કેટેગરી માટે યોજાશે. આ પસંદગી પ્રક્રિયામાં સામેલ થવા માંગતા ખેલાડીઓએ તેમના તમામ પ્રમાણપત્રો ઉપરાંત જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો હોય તેવી સ્પર્ધાના પુરાવા સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. આ પસંદગી પ્રક્રિયા માટે વ્યક્તિગત ઈવેન્ટમાં વયમર્યાદા ૧૨ થી ૧૮ વર્ષ અને ટીમ ઈવેન્ટમાં વય મર્યાદા ૧૦થી ૧૪ વર્ષ નિર્ધારિત કરવામાં આવી છે. પસંદગી પામનાર ખેલાડીઓને નિષ્ણાંત કોચ દ્વારા તાલીમ, રેહવા-જમવાની સગવડ, સ્પોર્ટસ કીટ, મેડીકલ સુવિધા તથા ઈન્સ્યુરન્સ કવચ તેમજ શૈક્ષણિક અભ્યાસ ખર્ચ અને સ્પર્ધાઓમાં ભાગ લેવાની તક વિના મૂલ્યે પુરી પડાશે.

# મેરા બુથ સબસે મજબુત અંતર્ગત વિડીયો કોન્ફરન્સ યોજાઈ



ચિલોડા સ્થિત કેશવ હોલના હોટલમાં મેરા બુથ સબસે મજબુત અંતર્ગત પ્રધાનમંત્રી દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા સાથે સંવાદ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ચિલોડા વિસ્તારના ભાજપના અગ્રણીઓ તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સરકાર અન્ય રાજયોની જેમ જેઈઈના વર્ગો શરુ કરે

**ગુજરાત ડેમોક્રેડીક પીપલ્સ એસોસીએશન દ્વારા સરકાર પાસે અન્ય રાજયોની જેમ એસ.સી., એસ.ટી. અને પછાતવર્ગો માટે જેઈઈના વર્ગો શરુ કરવાની માંગ**

ગાંધીનગર, તા.૨૮

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન દ્વારા સરકાર દ્વારા લેવાતા નિર્ણયો અંગેની ચર્ચા બાબતે પ્રમુખ બી.પી. પરમારના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. આ બેઠકમા પુલવામાના આતંકી હુમલાના શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સાથે સભામાં કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ સવર્ણ ગરીબોને ૧૦ ટકા અનામત અને આપવામાં આવેલ ૮ લાખ રૂપિયાની વાર્ષિક આવક મર્યાદાના સ્થાને ૧૦ લાખ સુધીની વાર્ષિક આવક મર્યાદા કરવા અંગે ભારત સરકારને લેખિત રજૂઆત કરવાની સભ્યોને જાણ કરવામાં આવી હતી. આ ઉપરાંત જેમ અન્ય રાજયો માટે સાયન્સ વિષયને લગતા જેઈઈ એડવાન્સ અને મેઈન્સ માટે ત્યાંની સરકાર દ્વારા કલાસ ચલાવવામાં આવે છે તેમ આપણા રાજયમાં પણ એસ.સી. અને એસ.ટી. તેમજ પછાત વર્ગો માટે આવા વર્ગો ચલાવવા માટેનો ઠરાવ પસાર કરવા અંગેની વાત કરવામાં આવી હતી. આ ઉપરાંત સરકાર જયારે અનામત જગ્યાઓના રોસ્ટરની સમીક્ષા કરવા સમિતિની રચના કરવાની વિચારણામાં છે ત્યારે સમિતિમાં એસ.ટી., એસ.સી.ને પણ પ્રતિનિધિત્વ મળે તેવી વિનંતી કરવા અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

# સે-૨૩ સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા ૩૬.૫૧ લાખની શહીદોને સહાય

**શાળાના વિદ્યાર્થીઓ, સ્ટાફ, વાલીઓ સહિત નાગરિકો પાસેથી ફાળો એકત્ર કરી ચિલોડા સ્થિત સીઆરપીએફ હેડકવાર્ટરને ચેક સુપ્રત કર્યો**

ગાંધીનગર, તા.૨૮

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકી હુમલામાં સી.આર.પી.એફ.ના ૫૦થી વધુ જવાનો શહીદ થયા હતા અને આ શહીદોના પરિવારજનોને મદદ કરવા માટે દેશમાંથી અનેક જગ્યાએથી નાણા ભંડોળ એકત્ર કરવામાં આવી રહ્યું છે ત્યારે ગાંધીનગરની સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા વાલીઓ, સ્ટાફમિત્રો અને અન્ય નાગરિકો પાસેથી દાનની રકમ એકઠી કરવામાં આવી હતી અને તેટલી જ બીજી રકમ સંસ્થા તરફથી ઉમેરીને કુલ રૂ. ૩૬,૫૧,૦૦૦નો ચેક ચિલોડા સ્થિત સીઆરપીએફના હેડકવાર્ટર ખાતે વડા શ્રી એમ. યાદવને સંસ્થાના અગ્રણીઓ દ્વારા જમા કરવામાં આવ્યો હતો.

શહીદીને વરેલા સીઆરપીએફના જવાનોને મદદ કરવા માટે સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીની પ્રેરણાથી ટ્રસ્ટ દ્વારા સંચાલિત તમામ શાળાઓ સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય, હરિ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ, સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય, સ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ, સ્વામિનારાયણ હાઈસ્કૂલ, સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ, સ્વામિનારાણય ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી અને સ્વામિનારાયણ પોલીટેકનીકમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ દ્વારા યથાશકિત મદદરૂપે ફંડ એકત્રિત કરવામાં આવ્યો હતો.

સંસ્થા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે વાલીઓ, વિદ્યાર્થીઓ અને અન્ય નાગરિકો પાસેથી જે રકમ યોગદાનમાં મળશે તેટલી જ બીજી રકમ સંસ્થા તરફથી ઉમેરીને વીર શહીદોના



પરીવારજનોને અર્પણ કરવામાં આવશે.

આમ કુલ રૂ. ૧૬,૪૬,૭૪૭નું ભંડોળ શાળાના વાલીઓ, વિદ્યાર્થીઓ અને અન્ય નાગરિકો પાસેથી પ્રાપ્ત થયું હતું. અને સંસ્થાની અપીલ મુજબ તેટલી જ બીજી રકમ ઉમેરીને કુલ રૂ. ૩૬,૫૧,૦૦૦નો ચેક સંસ્થાના અગ્રણીઓ શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામીજી, શાસ્ત્રી અક્ષર પ્રકાશ સ્વામીજી, પૂજય સ્વામી મહાપુરૂષદાસજી, શાળાના ડાયરેકટર ઉમંગભાઈ વસાણી તથા આચાર્ય ચિનુભાઈ પટેલના હસ્તે ચિલોડા સ્થિત સીઆરપીએફના હેડ કવાર્ટર ખાતે વડા શ્રી એમ. યાદવને સોંપવામાં આવ્યો હતો.

આ સમગ્ર પ્રસંગને ધ્યાનમાં લઈ વીરશહીદોના પરિવારજનોને આર્થિક યોગદાન આપવા બદલ સંસ્થાના ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામીજી દ્વારા શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય નાગરિકોનો આભાર માનવામાં આવ્યો છે.

# સિવિલના જેનરીક સ્ટોરમાં મોબાઈલ ગુમ થવાની ફરિયાદો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી વાહનચોરોએ આતંક મચાવ્યો હતો. સિવિલ કેમ્પસમાંથી છાશવારે વાહનોની ઉઠાંતરીની ઘટનાઓ સામે આવે છે. તો બીજી તરફ કેમ્પસમાંથી વાહનચોરી અટકી નથી ત્યાં મોબાઈલ ચોરીની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. કેમ્પસમાં આવેલ પંડિત દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરમાં દવા ખરીદવા જતા દર્દીઓના મોબાઈલ પળવારમાં ગુમ થઈ જતા હોય છે. ત્યારે જેનરીક સ્ટોરમાંથી છેલ્લા ૧૦ દિવસમાં ત્રણ થી ચાર દર્દીઓના મોબાઈલ ચોરી થઈ જવાની ઘટના પ્રકાશમાં આવી છે. ત્યારે વાવોલમાં રહેતા એક નાગરીક ગત અઠવાડીયામાં દવા ખરીદી માટે ગયા હતા.તે સમયે થેલી જેવી વસ્તુ સાથે એક ગઠીયાએ રહીશની બાજુમાં ઉભા રહી ગયો હતો અને નાગરીકોની નજર ન પડે તે માટે ગઠીયાએ થેલીની આડશ રાખીને દવા લેતા નાગરીકના ખીસ્સામાંથી મોબાઈલ સરકાવી લીધો હતો. આ અંગે મોબાઈલ ધારકે પોલીસ ફરીયાદ કરી નથી. જયારે અન્ય કિસ્સામાં દવા લેવા માટે બાજુમાં મુકેલો મોબાઈલ ગુમ થવાની ત્રણ ચાર ઘટનાઓને પગલે કોઈ ચોર ટોળકી સિવિલ કેમ્પસમાં સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. પહેલા વાહનચોરી માટે કેમ્પસ સોફટ ટાર્ગેટ બની ગયું હતું. ત્યારે વિવિધ ચોરીના પગલે કેમ્પસ સલામત ના રહેતા નાગરીકોના ખીસ્સામાં રહેલા મોબાઈલ પણ કયારે ગુમ થઈ જાય તે કહેવું મુશ્કેલ બન્યું છે.

# ઈસરોના ઈજનેરી વૈજ્ઞાનિક રમેશભાઈ પંડયાનું પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા.૨૮

રૂદ્રાભિષેક મંડળ તથા ગાયત્રી પરિવાર દ્વારા તા. ૪ માર્ચના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ગાયત્રી શકિતપીઠ ખાતે ઈસરોના ઈજનેરી વૈજ્ઞાનિક રમેશભાઈ પંડયા દ્વારા આધ્યાત્મિક અને ભૌતિક વિજ્ઞાનની સહયાત્રા અને યજ્ઞ વિજ્ઞાન આ બે વિષય અંગે વાર્તાલાપ કરવામાં આવશે. સંસ્થા દ્વારા શહેરના રસ ધરાવતા નાગરિકોને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# જે.બી. પ્રાથમિક શાળામાં માર્ગ સુરક્ષા અંતર્ગત સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ માર્ગ સુરક્ષા અંતર્ગત રસ્તા પર વાહન ચલાવતા વિદ્યાર્થીઓ સલામત રહી શકે તે હેતુસર સેમિનાર તથા ગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધા, નિબંધલેખન સ્પર્ધા અનો કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને ટ્રાફિકના વિવિધ નિયમો અને સંકેતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આરટીઓ ગાંધીનગર અને કમિશનર કચેરીના તજજ્ઞ દિક્ષિતભાઈ તથા ટ્રેનર ચિંતનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં ઉત્તીર્ણ થનાર તેમજ ભાગ લેનાર તમામ ૪૫ જેટલા વિદ્યાર્થીઓને પુરસ્કાર અર્પણ કરી તેમના ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો હતો. શાળાના આચાર્યા નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને વાહન ચલાવતી વખતે ટ્રાફિકના નિયમોનું પાલન કરી સલામત જીવન જીવવાની શીખ આપી હતી.

# પૂ. રવિશંકર મહારાજની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પૂજય રવિશંકર મહારાજની ૧૩૫મી જન્મ જયંતિ નિમિત્તે તા. ૪ માર્ચના રોજ સવારે ૧૦ કલાકે ઘ-૫ ખાતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી પ્રાર્થના કરવામાં આવશે. આ કાર્યક્રમના ઉપક્રમે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ સાથે એસ.બી.આઈ., સીનીયર સીટીઝન કાઉન્સિલ, જાગૃત નાગરિક પરિષદ, જયોતિ મહિલા મંડળ, સહયોગ મંડળ, ગાંધી મિત્ર વર્તુળ, આત્મન ફાઉન્ડેશન, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, વિવેકાનંદ શિક્ષણ તીર્થ, સીનીયર એન્જીનીયર આર્કીટેક એસોસિએશન, ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન, ગાંધીનગર સાહિત્ય સભા, નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર સહિતની શહેરની સ્વૈચ્છીક સેવાકીય સંસ્થાઓ સહભાગી થઈ પુષ્પાંજલી અર્પણ કરશે.

# મહાશિવરાત્રી નિમિત્તે હોમાત્મક લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૨૮

રૂદ્રાભિષેક મંડળ દ્વારા તા. ૪ માર્ચ મહાશિવરાત્રીના રોજ સવારે ૮.૩૦ કલાકથી એક દિવસનો હોમાત્મક લઘુરૂદ્ર વગડાવાળી માતાના મંદિર સે-૩ ખાતે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના ૧૫ વર્ષથી ૨૧ વર્ષના યુવાનોને રૂદ્ર મંડળમાં રૂદ્ર પાઠ શીખવવામાં આવશે. તો યુવાનોને શિવરાત્રીના પાવન પર્વમાં ખાસ પિતામ્બર, ખેસ તેમજ ઝભ્ભો પહેરીને હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# શહેરમાં મૂક-બધિર સમુહલગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

સરસ્વતિ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર ગાંધીનગર દ્વારા સેકટર-૨૮ લગ્નવાડી ખાતે આજરોજ છઠ્ઠો







મૂક-બધિર વયસ્કોનો સમુહલગ્નોત્સવ યોજાયો હતો.જેમાં ૧૪ નવદંપતિને પ્રભુતામાં પગલા પાડ્યા હતા. શહેરના સેકટર-૨૮ ખાતે ત્યારે આ પ્રસંગે ચુંદડીવાળા માતાજીએ આ નવયુગલોને આશિર્વાદ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. જયારે દિકરીઓને ૪૦ થી વધુ ચીજવસ્તુઓ કન્યાદાનમાં આપવામાં આવી હતી. આ સમુહલગ્નોત્સવમાં મોટીસંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

સમર્પણ શાળા પરિવારના સંનિષ્ઠ પ્રયાસોથી મુક-બધિર વયસ્કોનો છઠ્ઠો સમુહલગ્નોત્સવમાં આજે સવારે ૮.૩૦ કલાકે જાન લઈને વરરાજા આવી પહોંચ્યા હતા. હસ્ત મેળાપ સવારે ૧૦.૩૦ કલાકે, ભોજન સમારંભ સવારે ૧૧ કલાકે, કન્યા વિદાય બપોરે ૩.૧૫ કલાકે તેમજ સત્કાર સમારંભ બપોરે ૧ કલાકે યોજાયો હતો. સત્કાર સમારોહમાં ચુંદળીવાળા માતાજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી નિશિત વ્યાસ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ગુજરાત પ્રદેશ મહામંત્રી ચેતનભાઈ રાવલ, રાજેશ પંચોલી,વૈભવ જાની સહિતના સભ્યો હાજર રહ્યા હતા.આ પ્રસંગે ચુંદડીવાળા માતાજીએ આશિર્વાદ આપતા જણાવ્યું હતું કે દરેક દિકરીનું લગ્નજીવન સુખમય પસાર થાય તેવી શુભેચ્છા આપી હતી.દિકરીઓને સારી રીતે ઉછેર કરીને વિદ્યાદાન આપો જેથી દિકરીઓનું સ્થાન સમાજમાં ઉચું રહેશે. તેમજ જે નાગરીક આર્થિક રીતે સુખી સંપન્ન છે તેઓએ એક દિકરીને દતક લેવી જોઈએ.અને સમર્પણ સંસ્થાની સેવાને બિરદાવી હતી. આ પ્રસંગે કૃષ્ણકાંત જહાએ પણ ગાંધીનગર એ માત્ર જીઆર અને સીઆરનું નહી પરંતુ સેવાનું નગર છે તેની પ્રતિતિ આ સમર્પણ સંસ્થાના સેવાકાર્યથી થાય છે. આપણી આવતીકાલ ખુબ ભવ્ય અને દિવ્ય હશે તેમજ ચુંદડીવાળા માતાજીના દર્શનાર્થે ભકતો જાય છે પરંતુ ખુદ માતાજી ભકતો પાસે આજે આવ્યા છે તેનાથી વિશેષ દિવ્યતા શુ હોઈ શકે. આ કાર્યક્રમના આયોજન બદલ સમર્પણ સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. આ સમુહલગ્નોત્સવમાં ૧૪ નવદંપતિએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ નવયુગલોને આશિર્વાદ આપવા મોટીસંખ્યામાં ભાઈ બહેનો જોડાયા હતા.

## ચિરવિદાય

- સ્વ. રાવલ મધુબેન રમણલાલ, ઉ.વ. ૬૦
- સ્વ. ચાવડા શણગારબા તખતસિંહ, ઉ.વ. ૯૨
- સ્વ. ઠાકોર મંછીબેન લખાજી, ઉ.વ. ૭૫
- સ્વ. પરમાર પ્રવિણભાઈ ઓથાભાઈ, ઉ.વ. ૫૦
- સ્વ. દરજી ચેહરબેન સોનાભાઈ, ઉ.વ. ૫૧
- સ્વ. જાદવ મનીષકુમાર વિષ્ણુજી, ઉ.વ. ૧૬
- સ્વ. જાદવ ઉમેદજી ગાંડાજી, ઉ.વ. ૫૨